**પૂર્વ કોર્પોરેટરના અવસાનથી શોકનું મોજું; એજન્ડાઓ હવે વર્ષ 2026માં જ ચર્ચાશે**

# પાલિકાના પડતર પ્રશ્નો હવે નવા વર્ષે જ ઉકેલાશે? વધુ એક સભા મોકૂફ રાખશે

**શોકસભાની** પરંપરાને કારણે ડિસેમ્બરની બીજી સભા પણ મુલતવી રહેશે; મેયર ટૂંક સમયમાં નવી તારીખ જાહેર કરશે



(પ્રતિનિધી) વડોદરા, તા.૨૨
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભામાં ફરી એકવાર વિરામ આવવા જઈ રહ્યો છે. આગામી 29મી ડિસેમ્બરના રોજ મળનારી સામાન્ય સભા પૂર્વ કોર્પોરેટરના નિધનને પગલે મુલતવી રાખવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ ફેરફારને કારણે હવે પાલિકાની સભા સીધી જાન્યુઆરી 2026 એટલે કે નવા વર્ષમાં યોજાય તેવા સંજોગો ઊભા થયા છે. ચાલુ ડિસેમ્બર મહિનાની નિયમિત સામાન્ય સભા ગત 17મી ડિસેમ્બરના રોજ બોલાવવામાં આવી હતી. જોકે, પૂર્વ કોર્પોરેટર જયરામ વાધવાણી, જાણીતા ફિલ્મ અભિનેતા ધર્મેન્દ્ર અને પૂર્વ રાજ્યપાલ શિવરાજ પાટીલના નિધન બદલ ગૃહમાં શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. પરંપરા મુજબ, મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પીને આ સભા મુલતવી રાખવામાં આવી હતી અને નવી તારીખ 29 ડિસેમ્બર નક્કી કરવામાં આવી હતી. હવે જ્યારે 29મી તારીખે સભા મળવાની તૈયારીમાં છે, ત્યારે વડોદરાના વોર્ડ નંબર 13ના પૂર્વ કોર્પોરેટર જયશ્રીબેન કહાર નું દુઃખદ અવસાન થયું છે. પાલિકાની વર્ષો જૂની પ્રણાલી અને શિષ્ટાચાર મુજબ, જ્યારે પણ કોઈ વર્તમાન કે પૂર્વ કોર્પોરેટરનું અવસાન થાય ત્યારે સભામાં તેમને શ્રદ્ધાંજલિ અર્પીને કામકાજ સ્થગિત કરી દેવામાં આવે છે. 29 ડિસેમ્બરના રોજ સભાની શરૂઆતમાં મેયર દ્વારા શોક ઠરાવ રજૂ કરવામાં આવશે અને ત્યારબાદ સભા મુલતવી રાખવાની જાહેરાત કરવામાં આવશે. ડિસેમ્બર મહિનો પૂર્ણ થવાને આરે હોવાથી અને વચ્ચે રજાઓ આવતી હોવાથી, નવી તારીખ હવે જાન્યુઆરી 2026માં જ પડવાની શક્યતા છે. આમ, વર્ષ 2025ની અંતિમ સભા પણ કોઈ મહત્વના એજન્ડા પર ચર્ચા કર્યા વગર જ આટોપી લેવામાં આવશે.
₹પાલિકાની પ્રણાલી મુજબ પૂર્વ સભ્યોના માનમાં સભા મુલતવી રાખવામાં આવે છે, જે અંતર્ગત હવે મેયર દ્વારા આગામી નવી તારીખ જાહેર કરવામાં આવશે.₹

# રમવા ગયેલો 14 વર્ષીય બાળક પરત નહી આવતા અપહરણની આશંકા

**અનગઢ** ગામના આસપાસના વિસ્તારમાં તથા સંબંધીઓના ઘરે તપાસ કરી

( પ્રતિનિધિ )વડોદરા,તા.22
વડોદરા જિલ્લાના અનગઢ ગામે રહેતા 14 વર્ષીય બાળક ઘરમાં રમવાનું કહીને બહાર ગયો હતો. પરંતુ મોડી રાત સુધી પરત આવ્યો ન હતો. જેથી પરિવારના સભ્યો દ્વારા સગીર બાળકની આસપાસના વિસ્તાર તથા સગા સંબંધીના ઘરે શોધખોળ કરાઈ હતી પરંતુ કોઈ પતો નહી લાગતા બાળકના પિતાએ દીકરાનું અપહરણ થયું હોવાની નંદેસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જામનગર ખાતે રહેતા પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તેમનો 14 વર્ષીય બાળક તેમના સસરાના ઘરે રહેતો હતો. દરમિયાન 19 ડિસેમ્બરના રોજ સાંજના પાંચેક વાગ્યા દરમ્યાન હું નોકરી પરથી છૂટીને ઘરે આવ્યો હતો. ત્યારે સાંજના સાત વાગ્યાના દરમ્યાન મે મારા સાળાને ફોન કરી ને મારા દિકરા સાથે વાત કરાવો તેમ કહ્યું હતું. ત્યારે સાળાએ તમારો દિકરો પાંચ વાગે સ્કુલેથી આવીને બહાર રમવા ગયો છે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ મે ફરીથી રાત્રીના દસેક વાગે સાળાને ફોન પુત્ર સાથે વાત કરાવવા માટે કહ્યુ હતું. પરંતુ સાળાએ હજુ સુધી ઘરે આવ્યો નથી તેમ જણાવ્યું હતું. મે ફોન કટ કરી નાંખ્યો હતો.ફરીવાર રાત્રીના સાડા અગિયાર વાગે ફોન કરી પુત્ર બાબતે પુછ્યું હતું ત્યારે મારા સાળાએ પુત્ર હજુ સુધી ઘરે આવ્યો નથી તેમ કહ્યું હતું. મે તેઓને આટલી વાર સુધી મારો દિકરો બહાર રમતો ના હોય તેની તપાસ કરો ક્યાય આજુબાજુ નીકળી ગયો નથી તેમ કહ્યું હતુ. ત્યારબાદ હું તથા પત્નિ અનગઢ આવવા માટે નીકળ્યા હતાં.
20 ડિસેબરના સવારે 9 વાગ્યા દરમ્યાન અનગઢ ગામે આવી દિકરાની આજુબાજુ વિસ્તારમાં અને સંબંધી ઘરે શોધખોળ કરી હતી. પરંતુ તેનો આજદીન સુધી કોઈ પત્તો લાગ્યો ન હતો. ત્યારે મારા દાકરીને સરાના ઘરેથી કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી લઇ ગયો હોય તેવી શંકા છે. જેથી પોલીસ દ્વારા તેમની ફરિયાદના આધારે સગીર બાળકની શોધખોળ શરૂ કરાઇ છે.

**ગોરવા કેનાલને ગંદકીથી ભરવું એ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ**



■ **વડોદરા.** ગોરવા કેનાલ જેવા સ્થળને ગંદકીથી ભરવું એ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. સ્થાનિકો દ્વારા કચરો નાખવાથી ન માત્ર વાતાવરણ પ્રદૂષિત થાય છે, પણ લોકોના આરોગ્યને પણ જોખમ થાય છે. રોગચાળો ફાટી નીકળવાનો ભય પણ છે, કારણ કે ગંદકીમાંથી બેક્ટેરિયા અને વાયરસ ફેલાય છે. આથી લોકોને બીમારી થવાનું જોખમ વધે છે. વડોદરા મહાનગરપાલિકા અથવા સ્થાનિક સંસ્થાઓને આ વિશે જાણ કરીને કચરો નિકાલ કરવાની વ્યવસ્થા કરી શકાય.

**કડીવાલાની કારના ગ્લાસ તોડી પણ નાંખ્યા**

# નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા પર હુમલો

**અજાતશત્રુ** મનાતા કડીવાલા પર હુમલાને પગલે નવી સિવિલ હોસ્પિટલમાં ચકચાર મચી



(પ્રતિનિધી) સુરત, તા.૨૨
સુરત સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા પર આજે સોમવારે સવારે જીવલેણ હુમલો થયો છે. નવી સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ પાસે આવેલી કેન્ટિન નજીક હુમલો થયો છે. હુમલાખોર પકડાઈ ચૂક્યો છે. ખટોદરા પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.
પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષોથી નર્સિંગ કાઉન્સિલમાં ઉપપ્રમુખ તરીકે સેવા આપતા ઈકબાલ કડીવાલા પર હુમલો થયો છે. અજાતશત્રુ મનાતા કડીવાલા પર હુમલાને પગલે નવી સિવિલ હોસ્પિટલમાં ચકચાર મચી ગઈ છે. નવી સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ પાસે આવેલી કેન્ટિન નજીક આ હુમલો થયો હોવાની વિગતો સાંપડી છે. હુમલો કરી ભાગી રહેલા હુમલાખોરને મજુરાગેટ પાસેથી પીછો કરી પકડી પાડવામાં આવ્યો છે. હાલ હુમલાખોરને ખટોદરા પોલીસને હવાલે કરાયો છે. ખટોદરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.
પોલીસ સૂત્રોએ કહ્યું કે એમ્બ્યુલન્સના ડ્રાઈવરે કડીવાલાને તમાચા મારી ધોલધપાટ કરી છે. કડીવાલાની કારના ગ્લાસ તોડી નાંખ્યા છે. હુમલા પાછળનું કારણ હજુ જાણવા મળ્યું નથી.

**અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં સ્વયંભૂ લોકો જોડાયા**

# વાયુ સેનાના પૂર્વ કોર્પોરલ ઝાહીરુદ્દીન સૈયદનું નિધન, ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય

**1965** તથા 1971ની ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધમાં દેશની વફાદારી અને ફરજ પરાયણતાથી સેવા બજાવી હતી



( પ્રતિનિધિ )વડોદરા,તા.22
વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં રહેતા ભારતીય વાયુ સેનાના પૂર્વ કોર્પોરલ ઝાહિરુદ્દીન ફખરુદ્દીન સૈયદનુ 82 વર્ષની વયે દુઃખદ નિધન થયુ હતું. જેઓ પાછલા ઘણા દિવસોથી નાદુરસ્ત હતા. સોમવારે તેઓનું અવસાન થતા પરિવારજનો અને મિત્ર વર્તુળમા ઘેરા શોકનું મોજું ફરીવળ્યું હતું. વાયુ સેના દ્વારા તેમને ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિદાય આપવામાં આવી હતી. સ્વર્ગસ્થ ઝાહીરુદિન સૈયદ કે જેઓ ભારતીય વાયુસેનાના ગૌરવશાળી પૂર્વ સૈનિક હતા અને 1965 તથા 1971ની ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલ યુદ્ધોમાં દેશની વફાદારી અને ફરજ પરાયણતાથી સેવા બજાવી હતી. આ કઠિન સમયગાળામાં તેમનું સાહસ, ઈમાનદારી અને રાષ્ટ્રપ્રતિની નિષ્ઠા તેમના પરિવાર તેમજ સમગ્ર દેશ માટે ગૌરવનું કારણ છે.તેમ કહી શકાય ભારતીય વાયુસેનામાંથી નિવૃત્તિ બાદ બીએસએનએલમાં સબ-ડિવિઝનલ એન્જિનિયર તરીકે સેવા આપી હતી.
જ્યાં તેમની ફરજશીલતા અને વ્યાવસાયિક વર્તન માટે તેઓ વિશેષ રીતે ઓળખાતા હતા. તેમની અમૂલ્ય દેશસેવાને માન આપતાં ભારતીય વાયુસેનાના અધિકારીઓ અને જવાનો દ્વારા તેમની અંતિમ વિદાય સમયે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યુ હતું

**વડોદરા બનશે 'ઝીરો વેસ્ટ સિટી'**

# વડોદરા પાલિકાએ શરૂ કરી 5-સ્તરીય કચરા વિભાજનની નૂતન સિસ્ટમ

**વિકાસ** સપ્તાહ અંતર્ગત પૂર્વ અને દક્ષિણ ઝોનની 2000થી વધુ સોસાયટીઓમાં 'એટ સોર્સ સેગ્રીગેશન' માટે જનજાગૃતિનો ધમધમાટ

( પ્રતિનિધિ )વડોદરા,તા.22
વડોદરાને સ્વચ્છતાના રાષ્ટ્રીય નકશા પર ટોચનું સ્થાન અપાવવા અને શહેરને 'ઝીરો વેસ્ટ સિટી' તરીકે પ્રસ્થાપિત કરવા માટે વડોદરા મહાનગરપાલિકાએ એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી 'ડોર-ટુ-ડોર ઘન કચરા કલેક્શન સિસ્ટમ' અમલી બનાવવામાં આવી છે. આ નવી વ્યવસ્થા હેઠળ હવે શહેરના નાગરિકોએ કચરાના ઉદ્ભવ સ્થાને જ એટલે કે ઘરબેઠાં જ કચરાને પાંચ અલગ-અલગ શ્રેણીઓમાં વિભાજિત કરવાનો રહેશે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા પૂર્વ અને દક્ષિણ ઝોનમાં આ અભિયાનનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. અત્યાર સુધી કચરાના ગાડીઓમાં સામાન્ય રીતે સુકો અને ભીનો કચરો અલગ લેવામાં આવતો હતો, પરંતુ હવે પાંચ કમ્પાર્ટમેન્ટ ધરાવતી આધુનિક ગાડીઓ કાર્યરત કરવામાં આવી છે. નાગરિકોએ સુકો કચરો, ભીનો કચરો, ઘરગથ્થુ જોખમી કચરો (જેમ કે રંગના ડબ્બા, ટ્યુબલાઈટ), સેનીટરી વેસ્ટ અને ઈ-વેસ્ટ (ખરાબ થયેલ ઈલેક્ટ્રોનિક વસ્તુઓ) ને અલગ-અલગ સંગ્રહ કરી ગાડીના નિયત ખાનામાં જ નિકાલ કરવાનો રહેશે. આ પ્રક્રિયાના ડેમોસ્ટ્રેશન માટે પાલિકાની ટીમો હાલ સોસાયટીએ સોસાયટીએ ફરી રહી છે. જનજાગૃતિના આંકડાઓ પર નજર કરીએ તો, પૂર્વ ઝોનમાં અત્યાર સુધીમાં 1335 સોસાયટીઓ અને ફ્લેટમાં આ અંગે સમજૂતી આપવામાં આવી છે. આ ઉપરાંત 17 કોમર્શિયલ એકમો અને 9 શાળાઓમાં પણ કાર્યક્રમો યોજાયા છે. દક્ષિણ ઝોનમાં પણ 755 રહેણાંક એકમોને આવરી લેવામાં આવ્યા છે. દરેક સોસાયટીના પ્રમુખો અને રહીશોની હાજરીમાં કચરાના વર્ગીકરણનું લાઈવ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું, જેથી કોઈ મૂંઝવણ ન રહે. વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે સોસાયટીના મુખ્ય ગેટ કે નિયત સ્થળે વિશેષ સ્ટીકરો લગાવવામાં આવ્યા છે. આ સ્ટીકરમાં વોર્ડ નંબર, રૂટ નંબર, પી.ઓ.આઈ. (POI) નંબર, કચરાની ગાડી આવવાનો ચોક્કસ સમય, જે-તે વિસ્તારના સુપરવાઈઝરનું નામ અને તેમનો સંપર્ક નંબર પ્રદર્શિત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કોઈ પણ ફરિયાદ માટે હેલ્પલાઈન નંબર પણ આપવામાં આવ્યો છે, જેથી નાગરિકો સીધો સંપર્ક કરી શકે.

**તમામ કર્મીઓ પોતાના કાર્ય પ્રત્યે સમર્પિત રહીને બીજાઓ માટે પ્રેરણાસ્રોત બન્યા**

# વડોદરા રેલવેના કર્મીઓની સતર્કતાથી સંભવિત અકસ્માત ટળ્યો, મહાપ્રબંધકે કર્યા સન્માનિત

( પ્રતિનિધિ )વડોદરા,તા.22
રેલવેના સંચાલનમાં સંરક્ષા સર્વોપરી હોય છે અને તેને સુનિશ્ચિત કરવા માટે દરેક કર્મચારીની સજગતા અને સતર્કતા અત્યંત મહત્વની ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ વડોદરા મંડળના બે રેલ કર્મચારીઓને તેમના ઉત્તમ કાર્યો બદલ સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. આ પુરસ્કાર નવેમ્બર 2025 દરમિયાન ફરજ પર રહેલી સ્થિતિમાં તેમણે દાખવેલી સાવધાની અને સંભવિત દુર્ઘટનાઓને સમયસર ટાળી દેવામાં નિભાવેલી મહત્વપૂર્ણ ભૂમિકા બદલ આપવામાં આવ્યા
પુરસ્કાર પ્રાપ્ત કરનાર કર્મચારી (1) શ્રી નંદન કુમાર ઠાકુર, પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના પખાજન સ્ટેશનમાં સ્ટેશન માસ્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે.તા. 22.11.2025ના રોજ પોતાના સ્ટેશન પર આશરે 19:15 કલાકે માલગાડી પસાર થતી હતી ત્યારે તેમણે બાઈન્ડિંગની સ્થિતિ જોયી, જે લાલ તપેલા પૈડાં અને સળગવાની આવતી વાસથી સ્પષ્ટ થતી હતી. સુરક્ષા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતા તેમણે તાત્કાલિક VHF સંચાર દ્વારા લોકો પાઈલટ અને ટ્રેન મેનેજરને માહિતગાર કર્યા. તેમની સમયસર આપવામાં આવેલી જાણના આધારે ટ્રેનને રોકી તપાસ કરવામાં આવી અને બ્રેક બાઈન્ડિંગની સમસ્યાનું સફળ નિવારણ કરવામાં આવ્યું. તેમની સજાગતા અને ત્વરિત કામગીરીના પરિણામે સંભવિત અકસ્માત ટળી ગયો અને ટ્રેન સંચાલનને સુરક્ષિત બનાવવાનું સુનિશ્ચિત થયું. (2) શ્રી મુકરાજ મીના 'ગોધરા' ખાતે લોકો પાઈલટ (માલગાડી) ના પદ પર કાર્યરત છે. તા. 14.10.2025ના રોજ ગોધરા પર ગૂડ્સ ટ્રેન પર કામ કરતી વખતે, વવાદી ખુર્દ-ટિંબા રોડ વચ્ચે લોકો પાઈલટે જોયું કે OHE તાર તૂટી જઈ ઝૂલતી હાલતમાં લટકાઈ રહી હતી. અત્યંત સતર્કતા અને સમજદારી સાથે તેમણે તરત જ ઈમરજન્સી સ્ટોપ પુશ બટન દબાવ્યો, પેન્ટોગ્રાફ નીચે કર્યો અને ફ્લેશર લાઈટ ચાલુ કરી, જેના કારણે ટ્રેન સુરક્ષિત રીતે અટકી ગઈ. અને પછી તેમણે સ્ટેશન માસ્ટર-ટિંબા રોડ અને TRD સ્ટાફ મારફતે TLC/CTOને જાણ કરી, જેમણે આવીને ખાતરી કરી કે OHE સ્ટે ટ્યુબ ઈન્સ્યુલેટર તૂટેલ હતું.

**શ્રીસ્વામિનારાયણ સંસ્કાર મંદિર માંજલપુર ખાતે ભવ્ય શાકોત્સવ યોજાયો**



■ આજથી 200 વર્ષ પૂર્વે સ્વામિનારાયણ સંપ્રદાયના ભગવાન સ્વામિનારાયણે લોયા ગામ ખાતે રીંગણનું શાક અને બાજરીના રોટલા તેમના સ્વહસ્તે બનાવીને હરિભક્તોને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું હતું. ત્યારે આજે શ્રી સ્વામિનારાયણ સંસ્કાર મંદિર માંજલપુર-વડોદરા આયોજીત માંજલપુરમાં આજે શાકોત્સવ યોજાયો હતો જેમાં માંજલપુર મણીનગર ગરબા ગ્રાઉન્ડ ખાતે આજે રવિવારે દિવ્ય-ભવ્ય શાકોત્સવમાં ૪૦ સંતો સહિત ૮૦૦૦ સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાકોત્સવના પ્રેરક શાસ્ત્રી શુક વલ્લભ દાસજી સ્વામીજીએ ઉલ્લેખ્યું હતું કે શ્રી હરિની સ્મૃતિને તાજી કરતા શાકોત્સવમાં ૭૦૦ કિલો રીંગણ, ૫૦૦ કિલો અન્ય શાકભાજી, ૫૦૦ કિલો રોટલા, વઘારેલી કાજુ ખિચડી-કઢી સહિત અન્ય વ્યંજનોનો પ્રસાદ ભક્તોને પીરસાયો હતો. જેમાં ૭૦૦૦ લોકોએ વધુમાં શાકોત્સવની મહા પ્રસાદીનો લાભ લીધો હતો.

**ફર્ટીલાઇઝર બ્રિજ પાસેથી બંનેને દબોચ્યાં રૂ.62 હજારનો મુદ્દામાલ કબજે**

# છાણી પોલીસે દેશી દારૂની દૂધીઓ સાથે મહિલા સહિત બેને ઝડપી પાડ્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરાના છાણી કેનાલ પાસેથી એક્ટિવા પર ખેપ મારતા મહિલા તથા પુરુષને દેશી દારૂની દૂધીઓ સાથે ઝડપી પાડયા હતાં. પોલીસે બંને પાસેથી દેશી દારૂ, મોપેડ તથા મોબાઈલ સહીત રૂ. 62 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. 31 ડિસેમ્બર દેશી તથા વિદેશી દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગરો દારૂની મંગાવી રહ્ય છે. ત્યરે પોલીસ દ્વારા દારૂના વેચાણ અને હેરાફેરી પર સતત વોચ રાખવામાં આવી રહી છે. છાણી પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે એક એકટીવાની પાછળ બહેન બેઠેલી છે અને તેણે બન્ને પોતાની એકટીવાની આગળ તથા ડેકીમા દેશી દારૂ મુકીને પદમલા તરફથી નીકળી છાણી કેનાલ તરફ જવાના છે. જેથી છાણી પોલીસે ફર્ટીલાઈઝર બ્રીજની બાજુમા સીલ્વર પ્લેટ હોટલ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબની એકટીવા આવતા તેને છાણી પોલીસે ઉભી રખાવી હતી. પોલીસે સુનીલ ગણપત તળપદા તથા એકટીવાની પાછળ બેઠેલ મહીલા કંકુ મનુભાઈ તળપદા (રહે-લીમંડી વાળુ ફળીયુ રૂપારેલ ગામ તા.જી.આણંદ)ને ઝડપી પાડ્યાં હતા. તેની એકટીવા પર મુકેલા બેગ તથા ડેકીમાં તપાસ કરી હતી ત્યારે દેશી દારૂની 13 દૂધી 39 લીટર દારૂ રૂપિયા 7 હજાર અને મોપેડ 50 હજાર અને મોબાઈલ સહિત રૂપિયા 62 હજારનો મુદ્દા માલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઓનલાઈન નિવારણનો ડિસેમ્બર મહિનાનો રાજ્ય સ્વાગત તા. 24મી ડિસેમ્બરે યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતાં રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત ડિસેમ્બર-2025નો રાજ્ય સ્વાગત બુધવાર તા.24 ડિસેમ્બરે યોજવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ 2003 થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. ડિસેમ્બર મહિનાના ચોથા ગુરુવાર તા. 25 ડિસેમ્બરે નાતાલની જાહેર રજાને અનુલક્ષીને ડિસેમ્બર-2025નો રાજ્ય સ્વાગત આ વખતે બુધવાર, તા. 24 ડિસેમ્બરે યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો બુધવાર, તા. 24 મી ડિસેમ્બરેના રોજ સવારે 8-00 થી 11-00 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.


વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

વોક ઇન ઇન્ટરવ્યુ

વડોદરા મહાનગરપાલિકાના સ્વિમિંગપુલો માટે પુરૂષ/મહિલા લાઇફગાર્ડ કમ ટ્રેનરની પૂર્ણ સમય/આંશિક સમય માટેની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત ભરવાની જરૂરીયાત હોઇ આ બાબતના વોક ઇન ઇન્ટરવ્યુ, સ્વિમિંગ પ્રેક્ટીકલ ટેસ્ટ નીચે જણાવેલ સ્થળે રાખવામાં આવેલ છે.
ઇચ્છા ધરાવતા પુરૂષ/મહિલા ઉમેદવારોએ લાયકાત, અનુભવ, ઉંમર તેમજ મૂળ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલો, હાલનો પાસપોર્ટ સાઇઝનો એક ફોટો તેમજ પ્રેક્ટીકલ ટેસ્ટ માટે સ્વીમીંગ કોસ્ચ્યુમ સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. સદર વોક ઇન ઇન્ટરવ્યુમાં પૂર્ણ સમય(Full Time)ના ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

| અ. નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક પગાર ઉચ્ચક | શૈક્ષણિક લાયકાત તથા અનુભવ |
|---|---|---|---|---|
| ૧ | પુરૂષ લાઇફગાર્ડ કમ ટ્રેનર | પૂર્ણ સમય : ૦૫ અથવા | રૂ.૨૦,૦૦૦/- | એસ.એસ.સી પાસ હોવા જોઇએ. નિષ્ણાંત તરવૈયા તથા પાણીની તમામ રમતો શીખવવાના અનુભવી હોવા જોઇએ. ડુબતા માણસને બચાવવાની તથા કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવાની ક્રિયાની બધી રીતોના જાણકાર હોવા જોઇએ. |
| | | આંશિક સમય : ૧૦ | રૂ.૧૦,૦૦૦/- | |
| ૨ | મહિલા લાઇફગાર્ડ કમ ટ્રેનર | પૂર્ણ સમય : ૦૩ અથવા | રૂ.૨૦,૦૦૦/- | |
| | | આંશિક સમય : ૦૬ | રૂ.૧૦,૦૦૦/- | |

ઉંમર: તા.૦૫-૦૧-૨૦૨૬ના રોજ ૪૦ વર્ષથી વધુ નહી.
ઇન્ટરવ્યુ તારીખ: ૦૫-૦૧-૨૦૨૬, સોમવાર, સમય: બપોરે ૦૨-૦૦ કલાકે
સ્થળ: સમા સ્પોર્ટસ કોમ્પલેક્ષ સ્વીમીંગપુલ, ચાણક્યપુરી ચાર રસ્તા પાસે, ન્યુ સમા રોડ, વડોદરા-૨૪.
સદર જગ્યા સંપુર્ણપણે ૧૧ માસના કરાર આધારિત કોન્ટ્રાક્ટ બેઝ ઉપર રહેશે.
આ જાહેરાત પ્રસિધ્ધ થયે ઉપરોક્ત વેબસાઇટ ઉપર જોઇ શકાશે.

ડે.મ્યુનિસિપલ કમિશનર
(ટુરીસ્ટ વિભાગ)
વડોદરા મહાનગરપાલિકા

પી.આર.ઓ.નં- ૯૬૦/૨૦૨૫-૨૬


## ધોળાદિવસે હાથાખાના વિસ્તારની દુકાનમાંથી રોકડ રૂ.16 હજાર ઉપરાંતની ચોરી

(પ્રતિનિધી) વડોદરા તા.22
હાથીખાના વિસ્તારમાં આવેલી દુકાનમાં ધોળાદિવસે ગઠિયો ગલ્લામાંથી રૂપિયા 16 હજાર ઉપરાંતની મતાની ચોરી કરી પલાયન થઈ ગયો હતો. શહેરના હાથીખાના માર્કેટમાં આવેલી કનૈયાલાલ મહેશકુમાર અનાજ કરીયાણાની દુકાનમાં દુકાન માલિક હાજર હતા. તે દરમિયાન દાળની ખરીદી કરવા માટે ગ્રાહકનો સ્વાંગ રચીને એક ગઠિયો આવ્યો હતો. દરમિયાન દુકાન માલિક વૃદ્ધને બાથરૂમ જવાનું થતા તેઓ ગલ્લાની ચાવી તેમાં છોડીને ગયાં હતા. ત્યારે આ ગઠિયાએ તકનો લાભ લઈને ધોળા દિવસે ગલ્લામાંથી રૂપિયા 16 હજારની રોકડની ચોરી કરી પલાયન થઈ ગયાં હતા. જેથી વૃદ્ધ માલિકે ચોરીની ફરિયાદ કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

**વર્ષોની એકાગ્રતા, અવિરત મહેનતના પરિણામે આર્યન સિંહે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી**

# વડોદરાના આર્યન સિંહે ઈન્ડિયાની શોટગન નેશનલ્સ ૨૦૨૫માં યુથ ટ્રેપ શૂટિંગમાં રાષ્ટ્રીય રેકોર્ડ સર્જ્યો




(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરાના યુવા શૂટર આર્યન સિંહે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતાં, નવી દિલ્હી ખાતે યોજાયેલી ૬૮મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધા - ૨૦૨૫માં ઈતિહાસ રચ્યો છે. તેમણે નવી શરૂ થયેલી ISSF ટ્રેપ યુથ મેન્સ ઈન્ડિવિજ્યુઅલ સ્પર્ધામાં ૧૧૮/૧૨૫નો શાનદાર સ્કોર કરી રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપ્યો અને સુવર્ણ પદક જીત્યું. આ સાથે તેઓ આ ઈવેન્ટના રાષ્ટ્રીય ચેમ્પિયન બન્યા છે. આર્યન સિંહ ખેલો ઈન્ડિયા એથ્લીટ છે અને તેઓ નવી દિલ્હીના ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જ તેમજ વડોદરાના સાવલી તાલુકા રાઈફલ એસોસિએશનના શૂટિંગ રેન્જ ખાતે તાલીમ મેળવી રહ્યા છે. વર્ષોની એકાગ્રતા, અવિરત મહેનત અને દ્રઢ સંકલ્પના પરિણામે આર્યન સિંહે આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આર્યનના પિતા ઈશ્વર સિંહે તેમના પુત્રની સફળતાનું શ્રેય માત્ર તેની અવિરત મહેનત અને લગનને જ નહીં, પરંતુ વર્ષોથી મળેલા સંસ્થાગત સહયોગને પણ આપ્યું છે. તેમણે સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયા, નેશનલ રાઈફલ ઍસોસિએશન ઑફ ઈન્ડિયા, ગુજરાત સ્ટેટ રાઈફલ ઍસોસિએશન, તેમજ વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી અને વડોદરા પોલીસ કમિશનર કચેરી દ્વારા મળેલા સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ઉપરાંત, આર્યનના પ્રાયોજકોનો પણ તેમણે હૃદયપૂર્વક આભાર માન્યો, જેમણે તેની રમતગમતની યાત્રામાં સતત પ્રોત્સાહન અને સહાય પૂરી પાડી. આર્યનની સફળતામાં વિશ્વસ્તરીય અનુભવ ધરાવતા માર્ગદર્શકોનો પણ વિશેષ ફાળો રહ્યો છે. પીટર વિલ્સન અને પી. એન. પ્રકાશ પ્રત્યે ખાસ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પીટર વિલ્સન ૨૦૧૨ ઓલિમ્પિકમાં ડબલ ટ્રેપ ઈવેન્ટમાં સુવર્ણ પદક વિજેતા છે, જ્યારે પી. એન. પ્રકાશ ભારતના ઓલિમ્પિયન તથા પિસ્તોલ શૂટિંગમાં અનેક વખત આંતરરાષ્ટ્રીય પદક વિજેતા રહ્યા છે. બંનેએ આર્યનને અનુક્રમે ટેકનિકલ તથા માનસિક તૈયારીમાં અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું.
વડોદરાના આ યુવા ખેલાડીએ રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરતાં શહેર અને રાજ્ય માટે ગૌરવની ક્ષણ સર્જી છે.